ગાંધીનગર સમાચાર

તા. ૨૪-૪-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### વાડરા મુદ્દે ઇમોશનલ કાર્ડ

લોકવાયકામાં જમાઇ માટે ‘દશમો ગ્રહ’ જેવા શબ્દપ્રયોગ પ્રચલિત છે, ઝામાતા દશમો ગ્રહઃ । નહેરૂ-ગાંધી પરિવારની બલિદાનની પરંપરામાં રોબર્ટ વાડરાનું તથાકથિન જમીન કૌભાંડ એક પ્રશ્નાર્થ બનીને ઉપસ્યું છે. અશોક ખેમકા નામના સનદી અધિકારીએ વાંધો લીધો તે પછી આ પ્રકરણ સતત ચર્ચાતું રહ્યું છે. હરિયાણા દેશના સૌથી સુવિક્સિત પ્રદેશો પૈકીનું રાજય હોવાથી ત્યાં જમીનના ભાવો ઊંચકાય અને તેથી લે-વેચમાં વાડરા અબજપતિ બન્યા હોય તો તે આજના જમાના મુજબ કોઇ આઘાત કે આશ્ચર્ય ઉપજાવે એવી બાબત નથી. આપણા ગાંધીનગર નજીકનાં ગામડામાં પણ આવા કિસ્સા મળી આવે એમ છે. પરંતુ દેશના સૌથી પ્રતિષ્ઠિત રાજપરિવાર માટે આવી બાબત શિરોવેદના જ બની રહે કારણ કે જયારે સામા પક્ષે અદ્દ્ભૂત વાક્પટુતા ધરાવતા નરેન્દ્ર મોદી જેવા પ્રતિસ્પર્ધીને એમની લોકરંજક ભાષા વાપરીને આ મુદ્દે જાહેર સભાઓમાં મજાક ઉડાવે ત્યારે એનો પ્રતીતિકર જવાબ ન મળે તો કોંગ્રેસી ઉમેદવારો પાસે હોય કે નથી સોનિયા ગાંધી કે રાહુલ ગાંધી એ વિશે રાજકારણ સાથે સંકળાયેલ નથી. પરંતુ પ્રિયંકા ગાંધી તો સોનિયા ગાંધીનાં સીધી લીટીનાં વારસદાર છે અને રાહુલ ગાંધીના વિકલ્પ તરીકે કોંગ્રેસનો એક ખાસ પ્રબુદ્ધ વર્ગ એમની પાસે ઊંચી અપેક્ષાઓ રાખી રહ્યો છે. એક તબક્કે તો પ્રિયંકા ગાંધીને વારાણસીમાં નરેન્દ્ર મોદી સામે ચૂંટણી મેદાનમાં ઉતારવાનું વિચારાયેલું, પરંતુ ત્યાં પણ આ ‘વાડરા’ મુદ્દો જ નડશે એમ લાગતાં એ વિચાર પડતો મુકાયો હોવાનું કહેવાય છે. પ્રિયંકા ગાંધીનો ચહેરો-મહોરો અને વાણીમાં લોકોને પ્રિયદર્શિની ઇન્દિરાનાં દર્શન થતાં હોઇ એમનો બ્રહ્માસ્ત્ર તરીકે ઉપયોગ કરી શકાયો હોત. ઉત્તરપ્રદેશની પ્રજા અને વિશેષપણે યુવાવર્ગ એમની પાછળ ઘેલો થઇ ગયો હોત અને નરેન્દ્ર મોદી માટે વારાણસીની બેઠક કદાચ વોટરલૂ સાબિત થઇ હોત, પરંતુ રોબર્ટ વાડરાના કહેવાતા જમીન કૌભાંડની કાળી છાયા પડતાં જ એ શક્યતા ભોંયભેગી થઇ ગઇ છે. પાર્ટીના કોર ગ્રુપના સભ્ય એ સોનિયા ગાંધીના હિંદી શિક્ષક ડો. જર્નાદન દ્વિવેદીએ પ્રિયંકા રાજકારણમાં મોટી ભૂમિકા ભજવી શકે એમ છે, એ મતલબનું નિવેદન પણ કર્યું હતું. પરંતુ પ્રિયંકા નામનો હુકમનો એક્કો ઊતરી જઇને પણ ધાર્યું પરિણામ ન મળે તો? વળી, પ્રિયંકા મેદાનમાં આવતાંની સાથે રાહુલ મીડિયામાં હાંસિયે ધકેલાઇ જાય અને એમનું અત્યાર સુધીનું ‘તપ’(!) એળે જાય. આવી ગણતરીઓને અંતે પ્રિયંકા કાર્ડ ઊતરવાનું માંડી વાળી કોંગ્રેસ હાઇકમાંડે આ ચૂંટણી રાહુલ ગાંધીના જ નેતૃત્વ લડી લેવાનો ફેંસલો કર્યો હતો. પ્રિયંકા ફક્ત રાયબરેલી અને અમેઠી બેઠકો પૂરતો જ પ્રચાર કરે એવું આયોજન કરાયું હતું. બધો ખેલ વરૂણ ગાંધી વિશેના પ્રિયંકાના ઉગ્ર નિવેદન પછી વિશેષ બગાડ્યો છે. મેનકા ગાંધી બહુ ઝેરીલા-ડંખીલા સ્વભાવના છે. વળી મોદી અને ભાજપનાં મીનાક્ષી લેખી જેવાં એમનાં લાડકાં પ્રવક્તાને આ જમાઇરાજવાળો મુદ્દો ગાંધી પરિવારને ભીડાવવા માટે બીજા કોઇ પણ મુદ્દા કરતાં વધુ કારગત નીવડશે એવું લાગતાં ચૂંટણીના મધ્યાંતરે મોદીએ અદાણી અને જશોદાબેન જેવા મુદ્દાઓ સામેની ઢાલ તરીકે આ મુદ્દો બરાબર ચગાવ્યો છે. અલ્હાબાદ હાઇકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટ સુદ્ધાંએ વાડરા વિશેની જનહિત યાચિકા નકારી કાઢી હતી, કારણ કે એ દ્વેષથી કરાઇ હોય એવું સ્પષ્ટ લાગ્યું હતું. પરંતુ રાજકારણમાં હવે આદર્શોની કે વિવેકપૂર્ણ વ્યવહારની અપેક્ષા જ વધારે પડતી ગણાય. ઉમા ભારતીએ વાડરા એનડીએ સરકાર રચાતાં જેલભેગો થશે એવું નિવેદન કર્યું હતું અને નરેન્દ્ર મોદીએ પણ બદલાની ભાવનાથી નહીં પરંતુ કાયદો કાયદાનું કામ તો કરશે જ, એવું કહ્યા પછી પ્રિયંકા ગાંધીએ એમનું આ ઇમોશનલ નિવેદન કરવું પડ્યું છે. પોતાના પરિવાર સામે અને પતિ સામે એલફેલ આક્ષેપબાજી થતી જોઇ પોતે અને પોતાનાં બાળકો બહુ જ પીડા અનુભવે છે એમ જણાવી પ્રિયંકાએ આવા અનર્ગળ આક્ષેપોથી હું બમણી તાકાત સાથે બહાર પાડી પ્રજા સમક્ષ પોતાની વિશ્વસનીયતા અકબંધ રાખવાની જરૂર છે એમ નથી લાગતું? ‘વોશિંગ્ટન પોસ્ટ’ જેવા અખબારે વટાણા વેરી દીધા પછી વધુ સમય ચૂપ રહેવાનું ગાંધી પરિવાર માટે ઘાતક નીવડશે.

# ૨૫ એપ્રિલના દિને પરીક્ષા આન્સર-કી અપલોડ કરાશે

### જેઈઈ-મેઈન પરીક્ષાનું પરીણામ ૩જી મે ૨૦૧૪ના રોજ જાહેર કરવામાં આવશે : વિદ્યાર્થી અનુમાન લગાવી શકશે

અમદાવાદ, તા.૨૩

દેશની ટોચની આઈઆઈટી અને એનઆઈટી કોલેજોમાં પ્રવેશ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ મેઈન ૨૦૧૪ની પરીક્ષા લેવામાં આવી હતી. જેની આન્સર-કી આગામી ૨૫મી એપ્રિલે વેબસાઈટ પર મુકવામાં આવનાર છે. જેને વિદ્યાર્થીઓ પોતે પરીક્ષામાં આવનાર છે જેને વિદ્યાર્થીઓ પોતે પરીક્ષામાં લખેલા જવાબો સાથે સરખાવીને પોતાના પરીણામનું અનુમાન લગાવી શકશે જ્યારે પરીક્ષાનું પરીણામ ૩ મેના રોજ રજુ કરાશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશની ટોચની આઈઆઈટી અને ઈજનેરી સંસ્થાઓમાં પ્રવેશ માટે જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ ફરજીયાત બનાવવામાં આવી છે. જે વાતને ધ્યાનમાં રાખી તાજેતરમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા જે જેઈઈ મેઈનની ઓફલાઈન અને ઓનલાઈન પરીક્ષા લેવામાં આવી હતી. સીબીએસઈની યાદીમાં જણાવ્યા મુજબ દેશભરમાંથી ૧૩ લાખ ૫૬ હજાર વિદ્યાર્થીઓએ જેઈઈ મેઈનની પરીક્ષા આપી હતી ત્યારે હવે સીબીએસઈ દ્વારા આ પરીક્ષાની આન્સર-કી વેબસાઈટ પર અપલોડ કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત આગામી ૨૫મી એપ્રિલે જેઈઈ મેઈન પરીક્ષાની આન્સર-કી સીબીએસઈ બોર્ડની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. ત્યારબાદ જેઈઈ મેઈન પરીક્ષાનું પરીણામ ૩ મેના રોજ રજુ કરવામાં આવશે. આ પરીણામને આધારે દેશભરમાંથી દોઢ લાખ ટોચના લેવાતા વિદ્યાર્થીઓને જેઈઈ-એડવાન્સની પરીક્ષા આપવા માટે સિલેક્ટ કરવામાં આવશે. જેઈઈ એડવાન્સની પરીક્ષા ૨૫મી મે ૨૦૧૪ના દિવસે લેવામાં આવશે જેનું પરીણામ ૧૯ જુને રજુ કરવામાં આવશે.

# જરૂર લાગશે તો ‘નાટા’નો ઉપયોગ કરીશુ


### ગાંધી વિચાર જ આ દેશની સાચી ઓળખ છે : આ દેશની નારીને સુરક્ષા સાથે જરૂર છે મોકળાશની

**ઈલેક્શન લાઈવ**

ગાંધીનગર, તા. ૨૩

આ વખતની લોકસભાની ચૂંટણીઓમાં નેતાઓના અવનવા સ્વરૂપો જોઈને અને મત માટે કેટલી અધમ કક્ષાએ જઈ શકે છે તે જોઈને મતદારો રીતસરના ડગાઈ ગયા છે, ક્યાંક કોઈ નેતા ગામનું પાણી બંધ કરી દેવાની ધમકી આપે છે તો ક્યાંક કોઈ મહાશય આપેલી નોકરી પાછી લઈ લેવાની વાત કરી ડરાવે છે. પાંચ પાંચ વર્ષ તો કાંઈ પ્રજાલક્ષી કાર્યો કર્યા નથી અને હવે ચૂંટણીઓ છેક માથે આવી ગઈ ત્યારે પોતાનો ‘ગરાસ’ લુંટાતો દેખાતા આ નેતાઓ હાંફળાફાંફળા થઈ ગયા છે. આ બધી ધાંધલધમાલમાં જો કોઈએ મતદારોનો વિશ્વાસ ટકાવી રાખ્યો હોય તો તે છે ભારતનું ચૂંટણીપંચ. આ વખતે ઈલેક્શન કમીશને ‘નોટા’નું બટન આપીને રીઢા રાજકારણીઓ સામે મતદારોના હાથમાં લાલબત્તી થમાવી દીધી છે. આ ઉપરાંત જુદા જુદા ક્ષેત્રની પ્રખ્યાત હસ્તીઓ અને નામી કલાકારોને ચૂંટણી પંચના એમ્બેસેડર બનાવી મતદાતાઓને પ્રોત્સાહિત કરતા દરેક રાજ્યમાં મતદાનની ટકાવારી નવા વિક્રમો સ્થાપી રહી છે. આ સાથે ભલુ થજો આ શોશ્યલ મીડીયાનું કે તેના દ્વારા પણ લોકોમાં મતદાન કરવાની ગંભીરતા અને મહત્વ સમજાયા છે, કેટલાક તો આંગળીએ ટપકું દેખાડતો ફોટો અપલોડ કરવા માટે મતદાન કરતા થઈ ગયા છે.

ગાંધીનગરના સેક્ટર-૨૬માં આવેલ ગ્રીનસીટીમાં રહેતા યુવા મતદાતા નિલેશ ડાભી પક્ષા-પક્ષીથી પર રહીને મતદાન કરવામાં માને છે. તેઓ સ્પષ્ટપણે ખુમારીથી કહે છે કે જો મને કોઈ ઉમેદવાર યોગ્ય નહી લાગે તો હું તો ‘નોટા’નો ઉપયોગ કરતા ખચકાઈશ નહી. એમના મતે તો લોકસભામાં એવા ઉમેદવારને ચૂંટણીને મોકલવો જોઈએ જે યુવાનોને માટે રોજગારીનું સર્જન કરી શકે અને સરકાર પણ એવી જ જોઈએ કે જે વિદેશોમાં જેમ બેરોજગારી ભથ્થા વગેરે વડે યુવાનોની ‘કેર’ કરે છે તે જ રીતે આ દેશમાં યુવા શક્તિનું મહત્વ સમજી તેમની સંભાળ લે. યુવાધનને પુરતી તક મળે તેવુ વાતાવરણ સર્જી તેને આડા રસ્તે જતુ અટકાવે. આ ઉપરાંત તેમના માટે ન્યાય વ્યવસ્થા એક ખૂબ જ અગત્યનું પરિબળ હોવું જોઈએ. દેશનો વડાપ્રધાન એક એવો વ્યક્તિ બનવો જોઈએ જે આંખે પાટા બાંધ્યા હોય છતાં સચ્ચાઈનું ત્રાજવું તોલવા સક્ષમ હોય, તે ગમે તેવા ચમરબંધી અને સામાન્યમાં સામાન્ય માણસ વચ્ચે કોઈપણ ભેદભાવ રાખ્યા વગર સાચો ન્યાય તોળી શકે. નિલેશના મતે આ દેશના સરકારી પૈસા સામાન્ય જનતાની પરસેવાની કમાણીના છે જે કોઈ ખોટા ખર્ચા કે મોટા તાયફા કરવા માટે વેડફે તે તેમને હરગીઝ પસંદ નથી માટે જો કોઈ પણ પક્ષનો કે અપક્ષ ઉમેદવાર પણ તેમને આ બધી બાબતે યોગ્ય નહી લાગે તો ‘નોટા’ બટનનો ઉપયોગ તેઓ અચૂક કરશે.



આવી જ અલગ અને ‘તાજી હવા’ જેવી નવી વિચારસરણી ધરાવતા ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા પાસે રહેતા શિવાંગ પટેલે તેમની કેફિયત આ રીતે રજૂ કરી હતી. ‘હું દૃઢપણે માનુ છું કે ઉમેદવાર તો સ્થાનિક જ હોવો જોઈએ જેથી તેનો મતદારો સાથે સીધો સંપર્ક રહી શકે અને મતદારો પણ તેમની સમસ્યાઓ ખુલીને રજૂ કરી શકે. ચૂંટાયા પછી સંસદસભ્યને દીવો લઈને શોધવા જવું પડે અથવા કોઈ ઉદ્ઘાટન કે મહોત્સવમાં નેતાજી પધારે તેની રાહ જોવી પડે તેના કરતા તેના ઘરે જઈને રજૂઆત કરી શકાય તે વધુ મહત્વનું છે. વળી એવો ઉમેદવાર પસંદ કરવો જોઈએ કે જે ઘમંડી કે અહમ્ ધરાવતો ના હોય, જેથી તે અત્યારે બે હાથ જોડીને વોટ માંગે પણ ચૂંટાયા પછી પ્રજાને દૂરથી જોઈને હાથ બતાવી ભગાડી મૂકે. વળી, ચૂંટાયેલ પ્રતિનિધિ તેને તેના વિસ્તારના વિકાસકાર્યો માટે વાપરવા મળતી ગ્રાંટ પૂરેપુરી વાપરે અને માત્ર બાંકડા કે બસ સ્ટેશનોના બદલે દરેક પ્રકારના વિકાસ કાર્યો પાછળ ગ્રાંટ ખર્ચી મતદારોના વિશ્વાસને ચરિતાર્થ કરી જાણે.’ શિવાંગને ગાંધી વિચારમાં ગજબનો વિશ્વાસ છે તેથી તેઓ ગાંધી વિચારસરણીને મહત્વ આપી અનુસરતા ઉમેદવારને ચૂંટવા મત આપશે. ગાંધી વિચાર જ આ દેશની સાચી ઓળખ છે અને આ દેશને વધુ સક્ષમ, વધુ મજબૂત બનાવવાની એક માત્ર ચાવી છે તેવું તેમનું માનવું છે.



સેક્ટર-૨૯માં રહેતા મહેશભાઈ પટેલ એવું માને છે કે આ ચુંટાયેલા પ્રતિનિધિઓ તેમણે કરવું જોઈએ તેટલું કામ તો કરતા જ નથી, પરંતુ આ બધાની ચાવી છેવટે તો એક જ પાસે રહેતી હોય છે અને તે કહે તેમ જ થતુ હોય છે. આથી તે પદને ધ્યાનમાં રાખીને મત આપવો વધુ યોગ્ય છે. મોટાભાગના ઉમેદવારો તેમના પક્ષના કારણે જીતતા હોય છે અને જીત્યા પછી જોવાય આવતા નથી. આથી ઉમેદવાર સ્થાનિક હોય કે આયાતી કોઈ ફેર પડતો નથી. સ્થાનિક પ્રશ્નોમાં તેમને ઝુંપડપટ્ટીઓનો પ્રશ્ન સૌથી અગત્યનો લાગે છે અને તેના માટે તેઓ એક સુઝાવ પણ આપે છે કે શહેરના અલગ અલગ વિસ્તારમાં ઝુંપડપટ્ટીઓ વિકસવાથી શહેરની શોભા પણ બગડે છે, તે ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોને પુરતી સગવડો કે સવલતો પણ મળી શકતી નથી અને તેમનું મહત્વ પણ રહેતુ નથી તેના કરતા તો કોઈ એક જ જગ્યાએ બધી ઝુંપડપટ્ટીઓને ખસેડી દેવી જોઈએ જેથી તમામને પ્રાથમિક જરૂરિયાતો પુરી પાડી શકાય અને શહેરને પણ સ્વચ્છ રાખી શકાય. દબાણના પ્રશ્નો ઉદ્ભવે નહી. મહેશભાઈના મતે સરકારી કર્મચારીઓને ઓફિસમાં હાજર થવાનો સમય બરાબર ખબર હોય છે અને તેનું પાલન પણ કરે છે પરંતુ હાજર થયા પછી કામ કરતા નથી. તેમની સાથે કડક હાથે કામ લેવામાં આવે તો જ તેઓ કાર્ય કરે છે. વળી, આપણા દેશમાં મહિલાઓ સાથેના અત્યાચારોએ માઝા મુકી છે. તે ઘણુ નીંદનીય છે. તેઓ માને છે કે ગુજરાતમાં મહિલાઓ વધુ સુરક્ષિત છે અને બીજા રાજ્યોમાં પણ સુરક્ષિત રહે તે ખૂબ જરૂરી છે. આથી તેઓ તેવી સરકારની તરફેણમાં છે જે આ દેશની નારીને વિશ્વાસભર્યા વાતાવરણમાં ખુલ્લા મને અને ખુલ્લા દિલે જીવવાનો મોકો અને મોકળાશ આપે. તેમને આ બાબતે ગુજરાત સરકાર એક આદર્શ મોડેલ દેખાય છે.



યુવાનોના વિચારો સાંભળ્યા અને સમજ્યા પછી હવે એક વાતનો આશ્વત એ રહે છે કે આ દેશમાં હજુ પણ ઘણુ કરી બતાવવાની તાકાત છે અને સાથે દેશને સાચી દિશામાં લઈ જવાની નીતિ અને નિયત ધરાવતો યુવા છે જે આ રાષ્ટ્રનું સાચુ ભવિષ્ય છે.

## હરિની દૃષ્ટિ...




ગઇ ચૂંટણીમાં બાબો આવ્યો હતો, તે પાંચ વર્ષનો થઇ ગયો, પણ દેશ ત્યાંનો ત્યાં જ છે...!!

# યુનિવર્સિટી પુસ્તકાલયમાં ખાસ પ્રદર્શનનું આયોજન

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ શહેરની ગુજરાત યુનિવર્સિટી પુસ્તકાલયમાં વિશ્વ પુસ્તક દિન નિમિત્તે ખાસ પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શન યોજવા પાછળનો મુખ્ય હેતુ સોશીયલ મીડીયામાં ખોવાયેલા આજના લોકોને દુર્લભ પુસ્તકો અંગે માહિતગાર કરવા. કહેવાય છે કે પુસ્તકો માનવીના સાચા મિત્ર છે પરંતુ આજના આધુનિક યુગમાં લોકો વાંચનથી ધીરે-ધીરે દુર થતાં જાય છે.

જાણીતા સાહિત્યકાર વિલિમય શેક્સપીયરની જન્મ તથા મરણ તિથી એક જ તારીખે આવે છે એટલે કે ૨૩મી એપ્રિલે વિશ્વ પુસ્તક દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે. લાકડાની પટ્ટી જેવા દેખાતા ઐતિહાસિક હસ્તપત્રો ૧૫૦ વર્ષ જુના છે તેમજ ભારતના બંધારણનું વિશાળ સમિતિના અન્ય મહાનુભાવોના ઓરીજનલ હસ્તાક્ષર તેમજ આમુખ પણ પ્રદર્શનમાં જોવા મળ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીમાં દુર્લભ પુસ્તકોનો ખજાનો છે જે વિશ્વ પુસ્તક દિન પ્રસંગે લોકો સમક્ષ મુકવામાં આવ્યો છે. પ્રાચીન પુસ્તકોની સાથે સાથે યુનિવર્સિટીના પ્રકાશનોના પુસ્તક પણ રાખવામાં આવ્યા હતા. ઐતિહાસિક ધરાવતા સંદર્ભગ્રંથો, પુસ્તકો હસ્તપત્રો વર્ષો જુની હોવાથી તેની જાળવણી પણ મહત્વની છે. પહેલા જ્યારે કાગળની શોધ નહોતી થઈ તે સમયગાળામાં લોકો બિલોરી કાચનો ઉપયોગ કરી લખાણ લખતા હતા.

# ચોથા ચરણની પરીક્ષાનો આજથી શુભારંભ કરાશે

અમદાવાદ, તા.૨૩

ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાઈ રહેલ સેમેસ્ટર પરીક્ષાના ચોથો તબક્કો આવતીકાલથી શરૂ થશે. જેમાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિદ્યાશાખાઓના અંદાજે ૨૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષા માટેનું તમામ આયોજન યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા પૂર્ણ કરી દેવાયું છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સેમેસ્ટર પરીક્ષાઓ અથ્યારે લેવાઈ રહી છે. જેમાં પ્રથમ ત્રણ તબક્કાની પરીક્ષા યુનિવર્સિટી દ્વારા પૂર્ણ કરવામાં આવી છે ત્યારે હવે આવતીકાલથી યુનિવર્સિટી સંલગ્ન વિવિધ અભ્યાસક્રમોની કોલેજોમાં ચોથા તબક્કાની પરીક્ષાનો પ્રારંભ થશે. યુનિવર્સિટીના પરીક્ષાના વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ યુનિવર્સિટી દ્વારા અંદાજે ૧૦૦ કેન્દ્રો પર પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચોથા તબક્કાની પરીક્ષામાં ૨૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હોઈ વિદ્યાર્થી શાંતિપૂર્વક રીતે પરીક્ષા આપે તેવી બેઠક વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આવતીકાલથી શરૂ થતી પરીક્ષામાં બીએ, બીએસસી અને બીકોમના સેમેસ્ટર-૪ના રેગ્યુલર તેમજ એકસ્ટર્નલ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે. પીજીડીસીએ, એમએસડબલ્યુના સેમેસ્ટર-૨ની પરીક્ષા ઉપરાંત પીજીડીસીએ સેમેસ્ટર-૧ની પરીક્ષા લેવામાં આવશે.

## અરવિંદ કેન્દ્ર સે. ૨૩માં બે દિવસીય સેમિનાર

માનવીનું તેજોમય ભવિષ્ય અને સાધનાના સરળ માર્ગો વિષય પર બે દિવસીય માર્ગદર્શન સેમિનાર યોજાશે. સેક્ટર-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્ર ખાતે તા. ૨૬ એપ્રિલ સાંજે ૬.૦૦ વાગે અને તા. ૨૭ એપ્રિલ સવારે ૧૦.૦૦ વાગે માર્ગદર્શક સેમિનાર યોજાશે. સેમિનારમાં તત્વજ્ઞાનના ઊંડા અભ્યાસુ અને તજજ્ઞ જ્યોતિબેન થાનકી દ્વારા વક્તવ્ય આપવામાં આવશે. થાનકી દ્વારા વક્તવ્ય આપવામાં આવશે. આ માર્ગદર્શક સેમિનારમાં નગરજનોને ઉપસ્થિત રહેવા ડૉ. સી.કે. તન્નાએ જણાવ્યું છે.

## કલોલ પ્રગતિ શાળામાં વિદાય સમારોહ યોજાયો

શ્રી સર્વોદય ઉત્કર્ષ ટ્રસ્ટ કલોલ સંચાલિત પ્રગતિ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. વિદાય લેતા વિદ્યાર્થીઓની તેમની આગળની કારકિર્દી ઉજ્જવળ બને તે માટે આશીર્વચન આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને શિક્ષણ ઉપયોગી કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ મામલતદાર ગીરીશ પંડ્યા, ઈન્કમટેક્ષ ઈન્સ્પેક્ટર, અરવિંદ પરમાર, શાળાના આચાર્યા રાગિણી શાહ, ટ્રસ્ટી કે.કે. શાહ સહિત શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યો હતો.

# ...તમારા પાકીટમાંથી નીકળેતા ૧૫૦ રૂ.માં બાકીના મારી પાસેથી ભેળવી ‘મા’ ના રૂ. ૫૦૦ મોકલી આપ્યા છે, આ મહિનાની ચિંતા ન કરશો આપણે ધંધો ગમે તે કરતાં હોઈએ પણ ‘મા’ તો સૌની સરખી હોય

**બે પ્રસંગો**

**દૃષ્ટિ-ભેદ**

**- અનંત ન. વ્યાસ**

મારો મિત્ર રમેશ મળવા આવેલો. તેની કફનીમાં પાછળની ચાળ પર નાનકડો ખાંપો, તે જોઇને મેં કહ્યું, રમેશ આ કફનીમાં તો ખાંપો છે...

લે - તારૂં ધ્યાન પર ત્યાં જ ગયું...

એટલે? એટલે એમ કે આ કફની જયારે હું પહેરૂં ઘરના સૌ મે ટોકે છે... આ કફની ન પહેરાય. લોક જુએ તો કેવું લાગે... સૌને આ કફનીનો ખાંપો દેખાય છે પણ તેનું કાપડ કેટલું મુલાયમ છે. તેની શિલાઇ કેવી છે... હજુ કેટલો સમય પહેલી શકાય તે છે. ઇત્યાદિ બાબતો કોઇ જોતું નથી. બસ એક નાનકડો દોષ ને પદાર્થ કે વ્યક્તિને કાઢી નાખવાની... તેની સારી બાજુ જોવાની જ નહીં... રમેશે પોતાની હૈયાવરાળ ઠાલવી.

ભાઇ રમેશ - એ તો આપણી પેઢીની નજર બાકી યુવાન પેઢી તો એમ જ કહેવાની, ‘હવે આને ફેંકી દો’ ‘યુઝ એન્ડ થ્રો’ નો સિદ્ધાંત ... મેં કહ્યું ‘ના - ના’ બધાનું તેવી નથી. લે હું તને મારા ઘરનો કિસ્સો કહું, મારા પુત્ર કિશોરે બે વર્ષ પહેલાં એક શર્ટ ખરીદ્યું. શર્ટ તેના રંગ-ડિઝાઇન કાપડનું પોત - સીલાઇ - તમામ બાબતમાં પરફેક્ટ. પૈસા ખર્ચ્યા તે પ્રમાણ... કિશોરને એ બહુ ગમે. સારા પ્રસંગે ખાસ પહેરે... પણ કોણ જાણે કયારે જરા ઇસ્ત્રી અડી ગઇ કે અગરબત્તી અડી - તેની આગળની ચાળમાં એક કાણું પડી ગયું ને બસ કિશોરે તે પહેરવાનું છોડી દીધું, મેં કહ્યું તો કહે... ‘ના પપ્પા...એ ન પહેરાય. લોકો શું કહે... કપડાનાં ખડકલામાં એ શર્ટ દબાઇ ગયું... એકાદ મહિના પહેલા ‘પ્યાલા બરણી વાળો યુવાન આવેલા સહજ ઓળખે.’ મારી પત્નીને કહે, ‘બા એકાદ સારૂં શર્ટ આપો ને - મારા ભાઇનાં લગ્ન છે તેમાં પહેરવા માટે. કિશોરે કાઢી નાખેલ શર્ટ તેને આપ્યું ને કહ્યું, જો આમાં નાનું કાણું છે તને ગમે તો લઇ જા. એ તો શર્ટ લઇ ગયો...’

પંદર દિવસ પછી પાછો આવ્યો ને કહે, ‘બા તમારૂં પેલું શર્ટ તો...’

અરે - એ તો તને પહેરવા આપી દીધેલું એ કંઇ પાછું નથી લેવાનું...

પણ બા - એ શર્ટ મારા ભાઇને બહુ ગમ્યું. તે કહે, લગ્ન માટે ખાસ સીવરાવેલ આ મારૂં શર્ટ તું રાખ ને આ મને પહેરવા દે... મેં કહ્યું તેમાં કાણું છે તો કહે - ‘ભલે પણ બાકી કેટલું સુંદર છે. કેટલું મુલાયમ છે. ને બા તેણે લગ્નનો આખો દિવસ તે જ શર્ટ પહેર્યું. વરઘોડામાં પણ... પછી મને કહે ‘હવે આ તો મારા લગ્નનું શર્ટ... તને ન મળે... તેના બદલે મને આ લગ્ન માટે કરાવેલ શર્ટ મળ્યું છે... યુવાન તો પોતાની વાત કરીને ગયો પણ મને થયું. કોઇના દોષ જોવા કરતાં તેમાંથી શું સારૂં છે તે જોવુ ંએજ સાચી દૃષ્ટિ છે...’

● મા તો સૌની સરખી

અમારી વાતો ચાલતી હતી. અઠવાડિયાથી રમેશ મળેલ નહિ. તો પુછ્યું, ‘કેમ હમણાં નહોતો દેખાતો...?’

હા - મારી બાજુમાં સુરેશભાઇ રહે છે તેને તો તું ઓળખે છે. ઘરમાં સુરેશભાઇ અને તેના વૃદ્ધ માતાજી. બે જ માણસો. સામાન્યતઃ સુરેશભાઇ હસમુખા. પણ તે દિવસે સાવ ઉદાસ ચહેરે ઊભેલા.

તે જોઇ મેં પુછ્યું, ‘કેમ ભાઇ ઉદાસ છો?’

ત્યાં તેની આંખોમાં ઝળઝળીયા આવ્યા તો મને લાગ્યું વાત ગંભીર છે. પાસે જઇ પુછ્યું તો કહે - બે દિવસ માને તાવ આવે છે. દવા ડોકટર તો શરૂ છે... પણ ‘મા’ને માંદી મુકી મારે નોકરી પણ કેમ જાવું. અને આ ચૂંટણીનો સમય - અમારી ઓફિસમાંથી સંચાલન થાય. રજા ન મળે... આખો દિવસ ‘મા’ નું શું થાય? તેને પાણી પીવું હોય. કંઇ જરૂર પડી તો... ‘મા’ પાસે કોણ બેસે... બોલતા બોલતાં તેના ગળામાં ડૂમો ભરાયો.

મેં કહ્યું - સુરેશભાઇ તમ તમારો નોકરી પર જાવ. હું એક અઠવાડિયું એ માતાજીના ખાટલા આગળ બેસવામાં ગયો. મેં તો મારી માની સેવા નહોતી કરી. પણ મા તો સૌની સરખી ને.

‘મા તો સૌની સરખી’ એ સાંભળી મને ડો. વીજળીવાળાએ લખેલો પ્રસંગ યાદ આવ્યો. શહેરમાં નોકરી કરતા એક સજ્જન દર મહિને તેની વૃદ્ધ મા ને રૂા. ૫૦૦ મોકલતા. પણ આ મહિને તેની નોકરી છૂટી ગઇ. પૈસા મોકલવા જેવી સ્થિતિ ન હતી. તેથી અતિ દુઃખી હૃદયે મા ને પોસ્ટકાર્ડ મોકલ્યું. પણ પોસ્ટ કરતાં જીવ ન ચાલે. મા ને સમયસર નાણાં ન મળે તો... અને આ વખતે સમયસર પોતે નથી મોકલાવી શકતો તેથી મનમાં મુંઝાય... પણ ગમે તેમ સમાચાર તો આપવા જ જોઇએ. એટલે કઠિન મન કરી પોસ્ટ કરવા તૈયાર થયા. પણ જયાં પોસ્ટ ઓફિસે આવી પાકીટ કાઢવા ખીસ્સામાં હાથ નાખ્યો ત્યાં પાકીટ ગુમ... પાકીટ અને સાથે તેમાં રાખેલ પોસ્ટકાર્ડ પણ ન મળે.

નિરાશ વદને તે પાછો આવ્યો...

પાંચ-છ દિવસ પછી તેને બે પત્રો મળ્યા. એક પત્ર તો ‘મા’નો હતો. તેને થયું ‘મા’ એ પૈસા મંગાવ્યા હશે. ધડકતા હૃદયે પત્ર વાંચ્યો તો મા એ લખેલું.

‘બેટા તું કેટલો નિયમિત છો. નક્કી કરેલી તારીખે તારૂં મની ઓર્ડર આવી જ જાય છે. આ વખતે પણ તેં સમયસર નાણાં મોકલાવ્યા. તારી માતાના તને આશિષ.’

પેલા સજ્જન વિચારમાં પડ્યા. અરે... મેં તો નાણાં મોકલ્યા નથી. આ શો ચમત્કાર. ભગવાને હુંડી આપને આમ સ્વીકારી.

બીજો પત્ર સાવ અજાણ્યા હસ્તાક્ષરમાં હતો. તેમાં જણાવેલું. ‘ભાઇ શ્રી... થોડા દિવસ પહેલાં મેં તમારૂં પાકીટ ચોરેલું તેમાં તમે ‘મા’ને લખેલો પત્ર વાંચ્યો. મને થયું આ ‘મા’ના પૈસાની કેવી રાહ જોતા હશે એટલે તમારા પાકીટમાંથી નીકળેતા ૧૫૦ રૂા.માં બાકીના મારી પાસેથી ભેળવી ‘મા’ ના રૂા. ૫૦૦ મોકલી આપ્યા છે. આ મહિનાની ચિંતા ન કરશો આપણે ધંધો ગમે તે કરતાં હોઇએ પણ ‘મા’ તો સૌની સરખી હોય.